શિક્ષણ વિભાગ
તા 14/10/1976

ગ્રામ સેવક કેન્દ્ર,
ખડસલી : વાયા વીજપડી:
જી. ભાવનગર.

વિષય:- ધો. ૮ થી ૧૦ ના ત્રણ વર્ગ દીઠ ૪.૫ ને બદલે ૫ :પાંચ: શિક્ષકો બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે આપને જણાવવાનું કે ઉત્તર બુનિયાદી શાળાઓ માટે વર્ગદીઠ શિક્ષકનું પ્રમાણ આ વિભાગના તારીખ ૩-૭-૬૮ ના સરકારી ઠરાવ નં. એસએસએન: ૩૪૬૮: ૪૦૮૧૯!જ અન્વયે અલગ રીતે ઠરાવેલ હોઇ, આ વિભાગના તા. ૨૯-૫-૭૬ના સરકારી ઠરાવ ક્રમાંક: ઇડી એસ: ૯૧૭૫: ૧૧૫૯૭: બી ના હુકમો શાળાઓના શિક્ષકોને લાગુ પડતા નથી. આ હકીકતે અગાઉનો આ વિભાગનો તા. ૮-૭-૭૬ નો પત્ર ક્રમાંક: ઇડી એસ: ૯૧૭૬: ૧૭૫૯૭/બ રદ બાતલ ગણવા વિનંતી છે. વિશેષમાં જણાવવાનું કે વ્યક્તિગત કિસ્સામાં મુશ્કેલી જણાય તો તેનો ગુણવત્તાની દ્રષ્ટિએ વિચાર થઇ શકે, જે વિદિત થાય.

આપનો વિશ્વાસુ,
સહી:
:હરસુમન દેસાઇ:
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ,

---

જા. નં. ૮૪: એચઇ: ની તા: ધ.
શિક્ષણ નિયામકની કચેરી, ગુ. રા.
અમદાવાદ-૧૬. તા. ૧૬-૧૧-૭૬

નકલ રવાના જિલ્લા શિક્ષણાધિકારી તરફ જાણ તથા કાર્યવાહી સારું:-
૨: સરકારશ્રીના તા. ૨૯-૫-૭૬ના ઠરાવ નં. ઇડી એસ: ૯૧૭૫: ૧૧૫૯૭: બી અન્વયેના શિક્ષકોના પ્રમાણ અંગેના હુકમો ઉત્તર બુનિયાદી શાળાને લાગુ પડતા નથી તેની જાણ શાળાઓને તાત્કાલિક કરશો.

સહી: જે. હ. રાઠોડ,
શિક્ષણ નિયામક વતી,
ગુ. રા. અમદાવાદ.

---

નં. બ-૧: ૪૫૧૩
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
રાજકોટ, તા. ૧૨-૧-૭૭.

નકલ જાણ તથા અમલ માટે:-
૧: આચાર્યશ્રી, વિનય મંદિર, પારડી.
૨: આચાર્યશ્રી, વિનય મંદિર, કસ્તુરબાધામ,
૩: તમામ ઇ. આઇ. તથા એ. ઇ. આઇ. તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ